વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ અનુસુચિત જન જાતિના લાભાર્થીઓને જમીન ફળદ્રુપ બનાવવા સહાય આપવા અંગે.

**ગુજરાત સરકાર,**

**આદિજાતિ વિકાસ વિભાગ,**

પરિપત્ર ક્રમાંકઃ વનઅ-૧૫૧૧-૫૯-ચ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ 2 3 MAY 2011

વંચાણે લીધાઃ- વન અધિકાર અધિનિયમ- ૨૦૦૬

પરિપત્રઃ-

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ અનુસુચિત જન જાતિ લાભાર્થીઓને જંગલની જમીનની ફાળવણી કરવામાં આવી છે. જંગલની જમીન ફળદ્રુપ ન હોય એકરદીઠ ઉત્પાદન ખૂબ ઓછું આવે છે. જમીનને ફળદ્રુપ બનાવી તેમની આવકમાં વધારો કરવા તેમને સારુ બિયારણ, સિંચાઇની સગવડ, જમીન સમતળ કરવી, જંતુનાશક દવાઓ વગેરે આપવાની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. અનુસૂચિત જન જાતિના ખેડ્તોના આર્થિક ઉત્કર્ષ માટેની ઘણી યોજનાઓ અમલમાં છે. આ લાભાર્થીઓનો તે યોજનાઓમાં સમાવેશ કરી તેમને યોજનાઓનો લાભ આપવાની બાબતને મંજૂરી આપવામાં આવે છે. આ માટે નીચે મુજબની સૂચનાઓ ધ્યાનમાં લેવા જણાવવામાં આવે છે.

(૧) વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ અનુસુચિત જન જાતિના લાભાર્થીઓને જમીન ફાળવવામાં આવી હોય તેમની તાલુકાવાર યાદી તૈયાર કરી તેઓનો આર્થિક માપદંડના આધારે વિવિધ કેટેગરી દા.ત. B.P.L. , A.P.L. કેટેગરીમાં વિભાજિત કરવાના; રહેશે. આ લાભાર્થીઓનું B.P.L. ની સામાન્ય યાદીમાં સમાવેશ કરી એસ.સી.એ. ૧૦

ટી.એસ.પી. યોજના હેઠળ સહાય આપવાની રહેશે. જ્યારે A.P.L. ના લાભાર્થીઓને રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ચલાવવામાં આવતાં જીવિકા પ્રોજેક્ટ હેઠળ ( જે તાલુકામાં આ પ્રોજેક્ટ ચાલતા હોય તેટલા તાલુકાઓ પૂરતા) સહાય આપવાની રહેશે. જ્યારે અન્ય લાભાર્થીઓને ભારત સરકારની ૨૭૫ (૧) યોજના હેઠળની મળતી ગ્રાન્ટમાંથી ચેકડેમ, કુવા, વીજળીકરણ વિ. ના ખર્ચ નિયમોને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે. આ લાભાર્થીઓની યાદી સંબંધિત N.G.O. ને પણ આપવાની રહેશે.

( ૨ ) જંગલની જમીન સમતળ કરવા માટે લાભાર્થીઓને જોન ડીયર કું. ના સહયોગથી ચાલતા પ્રોજેક્ટ મારફત ટ્રેક્ટર ઉપલબ્ધ કરવાનું રહેશે. લાભાર્થીએ ફકત ડીઝલ અને ટ્રેક્ટરનું ભાડુ આપવાનું રહેશે. આ સૂચનાઓ જે તાલુકામાં આવા પ્રોજેક્ટ ચાલે છે તેટલા વિસ્તાર માટે મર્યાદિત રહેશે.

( ૩ ) આ લાભાર્થીઓની પાસે જમીન ખૂબ ઓછી અને છૂટી-છવાઇ છે તેમજ સિંચાઇની સગવડ નથી. સેટેલાઇટ ઇમેરીઝનો ઉપયોગ કરી જંગલ વિસ્તારમાં જ્યાં પાણીની સગવડ છે ત્યાં ચેકડેમ બનાવી લાભાર્થીઓનું સિ;ચાઇ માટે પાણી આપી શકાય. આ અંગેનો ખર્ચ ભારત સરકાર દ્વારા મળતી સહાય ૨૭૫ (૧) હેઠળ કરવાનો રહેશે. તેમજ સિ;ચાઇ માટે સામુહિક કુવાઓના નિર્માણ નારેગા હેઠળ કરવાનું રહેશે.

( ૪ ) ઓછા વરસાદ વાળા વિસ્તાર (મધ્ય અને ઉત્તર ગુજરાત) માં કૃષિ ઉત્પાદનમાં વધારો કરવા સનસાઇન પ્રોજેક્ટ અમલમાં છે. આ વિસ્તારમાં અનુસુચિત જન જાતિના લાભાર્થીઓને N.G.O. મારફત બટાટા, મકાઇ, કપાસના ઉત્પાદનમાં વધારો કરવા સહાય આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ નીચે શકય તેટલા લાભાર્થીઓનો જે તે પ્રોજેક્ટના ધારા-ધોરણ મુજબ સમાવેશ કરી સહાય આપવાની રહેશે.

( ૫ ) ગુજરાત રાજયના વધુ વરસાદવાળા વિસ્તાર (દક્ષિણ ગુજરાત) માં જીવિકા પ્રોજેક્ટ અમલમાં છે. અનુસુચિત જન જાતિ ખેડૂતોને શાકભાજી/ફળોના ઉત્પાદનમાં વધારો કરવા સહાય આપવામાં આવે છે. F.R.A. ના લાભાર્થીઓને પણ આ પ્રોજેક્ટ નીચે સહાય આપવા જણાવવામાં આવે છે.

( ૬ ) જે લાભાર્થીઓ એક એકર કરતાં વધુ જમીન ધરાવતા હોય તેમને શાકભાજી અને ફળોના ઉત્પાદન માટે સહાય આપવાની રહેશે. જેમની પાસે એક એકરથી ઓછી જમીન હોય તેમને ઘાસચારા, ડેરી ઉધોગ વગેરે માટે સહાય આપી શકાય.

( ૭ ) રાજ્ય સરકાર દ્વારા કૃષિ ઉત્પાદન વધારવા અને ખેડૂતોને જાગૃત કરવા કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. ફીલ્ડ કાર્યકરો તથા લાભાર્થીઓનું તાલુકા કક્ષાએ સંમેલન યોજી લાભાર્થીઓને યોજનાકીય માહિતિ આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના નામે અને તેમના હુકમથી,

( પી. એ. શાહ )
સંયુકત સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના:-</u>

માન મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
સંસદીય સચિવશ્રી (આ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઇલે.